**વડીલોને વંદન**
**અભિનંદન**
**આજે જન્મદિવસ**



ગજેન્દ્રભાઈ નટવરભાઈ ખારોડ
(૧૯૨૭) મો. ૩૨૦૬૦૬૦૫



સમુબેન રમણલાલ પંચાલ
(૧૯૫૧) મો. ૯૮૯૮૬૮૯૩૮૯

# દેશમાં શ્વેત ક્રાંતિનાં જનક ડૉ. વર્ગીસ કુરિયનનું અવસાન

## કુરિયન હાલમાં બિમાર હતા : સાંજે અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા : ભારતને મોટુ દુધ ઉત્પાદક રાષ્ટ્ર બનાવવામાં પ્રમુખ ભુમિકા હતી

અમદાવાદ, તા.૯

દેશનાં શ્વેત ક્રાંતિનાં જનક ગણાંતા ડોક્ટર વર્ગીસ કુરિયનનું આજે સવારે ગુજરાતનાં નડિયાદમાં અવસાન થયું હતું. તેઓ ૯૦ વર્ષનાં હતી વર્ગીસ કુરિયન કિડનીની બિમારીથી ગ્રસ્ત હતા. વર્ગીસ કુરિયન નડિયાદમાં આવેલી મુળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલમાં આજે સવારે અવસાન પામ્યા હતા. તેઓ થોડાક સમયથી બિમાર હતા. કુરિયન તેમના પત્ની મોલી કુરિયન અને પુત્રી નિર્મલાને છોડીને ગયા છે. કુરિયનનાં મૃત દેહને વહેલી સવારે ૪.૦૦ વાગે તેમનાં નિવાસ સ્થાને લઈ જવાયો હતો. ત્યારબાદ તેમનાં મૃતદેહને આણંદનાં અમુલ ડેરીનાં સરદાર હોલમાં રાખવામાં આવ્યો હતો જ્યાં લોકોએ તેમને અંતિમ શ્રદ્ધાંજલી આપી હતી. સાંજે તેમનું અંતિમ સંસ્કાર કરવામાં આવ્યું હતું જેમાં તમામ જાણિતી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનનાં અધિકારીઓએ કહ્યું છે કે તેમનું વહેલી પરોઢે ૧.૧૫ વાગે અવસાન થયું હતું. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીડી)નાં સ્થાપક ચેરમેન કુરિયને વિશ્વમાં ભારતને સૌથી મોટું દુધ ઉત્પાદક દેશ બનાવવામાં ઓપરેશન ફલડની નેતૃત્વ કર્યું હતું. અમુલ ડેરી પ્રોડક્ટનાં આજે દરેક ઘરમાં લોકો સારી રીતે ઓળખે છે. આ તમામ નામ કુરિયન દ્વારા અપાયા હતા. તેમની પ્રોફેશનલ લાઈફ કોઓપરેટીવ મારફતે ભારતીય ખેડૂતોને સમર્પિત હતી. કેરળમાં જન્મેલા કુરિયનને ગુજરાતનાં આણંદ શહેરમાં સહકારી ડેરી વિકાસનાં સફળ મોડલની સ્થાપનાં કરવા માટે પણ ઓળખવામાં આવે છે. ભારત દુનિયામાં દુધનાં ઉત્પાદનનાં ક્ષેત્રમાં દેશોની યાદીમાં સામેલ થઈ શક્યું છે. આમાં કુરિયનની ભુમિકા સૌથી મહત્વપુર્ણ હતી. કુરિયનનાં કારણે જ ભારતે દુધ ઉત્પાદનનાં ક્ષેત્રમાં અભુતપુર્વ સફળતા હાંસલ કરી હતી. ડોક્ટર કુરિયને વર્ષ ૧૯૭૩માં ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ)ની સ્થાપનાં કરી હતી અને ૩૪ વર્ષ સુધી તેના અધ્યક્ષ તરીકે રહ્યા હતા.

સીએમએમએફ અમુલ નામથી ડેરીક પ્રોડક્ટ બનાવે છે. ૧૧૦૦૦થી વધુ ગામનાં ૨૦ લાખથી વધુ ખેડુતોની સભ્યવાળી સીએમએમએફ દ્વારા સહકારીક્તાનાં ક્ષેત્રમાં દુધ અને અન્ય પ્રોડક્ટોમાં ઈતિહાસ રચ્યો હતો. કુરિયનનાં ઉલ્લેખનિય યોગદાનનાં કારણે તેમને ભારત સરકારે પદ્મવિભુષણ, પદ્મભુષણ, પદ્મશ્રી, કૃષિરત્ન એવોર્ડથી સન્માનિત કર્યા હતા. ૧૯૬૫માં કુરિયનને રેમન મેગ્સેસે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૨૬મી નવેમ્બર ૧૯૨૧નાં દિવસે જન્મેલા કુરિયન અમુલ ડેરી ફુડ બ્રાન્ડની રચના કરવા માટે જાણીતા રહ્યા હતા. તેઓએ ઓપરેશન ફલગમાં પણ ચાવીરૂપ ભુમિકા અદા કરી હતી. અમુલ ડેરી બ્રાન્ડ પ્રોડક્ટની રચના અને સફળતામાં મહત્વપુર્ણ ભુમિકા હતી. કુરિયનને મિલ્કમેન ઓફ ઈન્ડિયા અને ફાધર ઓફ વ્હાઈટ રેવ્યુલેશન તરીકે પણ ઓળખવામાં આવે છે.

### કૃષિ, ડેરીમાં કુરિયને પ્રમુખ ભુમિકા ભજવી હતી : પ્રણવ

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને વડાપ્રધાન મનમોહનસિંહે ભારતમાં શ્વેત ક્રાંતિનાં જનક ડોક્ટર વર્ગીસ કુરિયનનાં અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. મુખર્જીએ કુરિયનની પ્રશંસા કરતા કહ્યું છે કે કુરિયને દેશમાં શ્વેત ક્રાંતિની શરૂઆત કરી હતી. કૃષિ, ગ્રામીણ વિકાસ, ડેરીનાં ક્ષેત્રમાં કુરિયને અભુતપુર્વ યોગદાન આપ્યું હતું.

પ્રણવ મુખર્જીએ કહ્યું હતું કે કુરિયનનાં અવસાનથી દેશે એક મહાન વ્યક્તિ ગુમાવી દીધી છે. દુધ ઉત્પાદનનાં ક્ષેત્રમાં ભારતને નંબર વન બનાવવામાં કુરિયનની ચાવીરૂપ ભુમિકા હતી. પ્રણવે એમપણ કહ્યું હતું કે તેમને એવા વ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે જે વ્યક્તિએ સૌથી મોટા ડેરી વિકાસ કાર્યક્રમ ઓપરેશન ફલડની શરૂઆત કરવા ઉપરાંત અમુલને ઘરે ઘરે લોકપ્રિય બનાવવામાં ચાવીરૂપ ભુમિકા ભજવી હતી. દરમિયાન વડાપ્રધાન મનમોહનસિંહ અન ઉપરાષ્ટ્રપતિ હમિદ અંસારીએ પણ તેમનાં અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. કુરિયનને ભારતીય કોઓપરેટીવ ચળવળનાં આઈકન

### ડૉ.કુરિયન કિસાનોને ભગવાન માનતા હતાં

શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ.વર્ગીસ અવસાન અંગે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી, તેમનાં રાજકીય સચિવ અહમદ પટેલ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, કેન્દ્રીય મંત્રીઓ દિનશા પટેલ, ભરતસિંહ સોલંકી તથા કેમ્પેઈન કમિટિના ચૅરમેન શંકરસિંહ વાઘેલા તેમજ ભાજપાના પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુ વગેરેએ ઉંડા શોકની લાગણી વ્યક્ત કરીને શ્રદ્ધાંજલિ અર્પી છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીએ શ્વેતક્રાંતિના શિલ્પી ડૉ.વર્ગીસ કુરિયનને શ્રદ્ધાસુમન આપતા જણાવ્યું હતું કે, ડૉ.કુરિયનનો ધર્મ સહકાર હતો. ડૉ.કુરિયનના ભગવાન કિસાનો, પશુપાલકો અને મહિલાઓ હતી. આણંદનું અમૂલ તેમનું મંદિર હતું. કોંગ્રેસ પ્રમુખના રાજકીય સચિવ અહમદ પટેલે જણાવ્યું હતું કે, ડૉ.કુરિયને ગુજરાતને કર્મભૂમિ બનાવીને સહકાર દ્વારા સિદ્ધિના મીઠાફળ સામાન્ય વ્યક્તિ સુધી પહોંચાડનારા આ માનવતા અવસાનથી ફક્ત ગુજરાતે જ નહીં સમગ્ર દેશે શ્વેતક્રાંતિના જનકને ગુમાવ્યા છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ મોઢવાડિયા સહિત કોંગ્રેસના અગ્રણીઓએ કુરિયનના અવસાનથી દેશે મહાન વિભૂતિ ગુમાવી છે તેમ કહ્યું હતું.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુએ ડૉ.વર્ગીસ કુરિયનના અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ડૉ.કુરિયન શ્વેતક્રાંતિના પ્રણેતા હતાં. સહકારી માળખાના માધ્યમતી દૂધ ઉત્પાદકોને પ્રોત્સાહન આપનારા પૈકીના એક હતાં.

## રોકાણની લાલચ આપીને ૧.૨૭ કરોડની છેતરપિંડી

અમદાવાદ,તા.૯

શહેરના નવરંગપુરા ખાતે આવેલા સ્વસ્તિક ચાર રસ્તા પાસે કંપની ધરાવતા ચાર શખ્સોએ કંપનીમાં રોકાણ કરવાથી મોટો નફો મળશે તેવી લાલચ આપી એક વ્યક્તિ સાથે ૧.૨૭ કરોડની ઠગાઈ કરી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. મળતી માહિતી એવી છે કે લાલદરવાજા નહેરુબ્રિજ કોર્નર ચાંદ શહીદની દરગાહ સામે પોતાના પરિવાર સાથે રહે છે.વર્ષ ૨૦૧૦ના ઓક્ટોમ્બર માસમાં મોહમદરઈસનો સંપર્ક નવરંગપુરા સ્વસ્તિક ચાર રસ્તા પાસેના ઓમ કોમ્પ્લેક્ષમાં અક્ષર કલ ર લીમીટેડ અને ગ્રીનનેસ્ટ ઈન્ફ્રાટેક લિમિટેડ નામની ઈન્વેસ્ટ કંપની ધરાવતા અબ્દુલ મુબીન અબ્દુલ લતીફ શેખ, ઈમરાન કાઝી, ફિરોઝ અલી અને શકુન પટેલ સાથે થયો હતો.

દરમિયાનમાં આ ચારેય જણાએ ઉપરોક્ત કંપનીમાં રોકાણ કરવાથી મોટુ વળતર મળશે તેવી લાલચ આપી હતી અને તેમની સાથે લોભામણી વાતો કરી હતી. જેથી મહંમદ રઈસે ૧૨૭૩૨૦૦૦ રૂપિયાનું રોકણ કર્યું હતું તે પછી આ ચારેય જણાંએ તેમને કોઈ વળતર આવ્યું ન હતું કે તેમની રકમ પણ પરત કરી ન હતી. દરમિયાનમાં મહમદ રઈસે આ અંગે નવરંગપુરા પોલીસ મથકમાં ચારેયની વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. નવરંગપુરા પોલીસ મથકના પોસઈ આરએન ગઢવીએ આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ગોબર બેંક બનાવવાનું નેતૃત્વ સહકારી ડેરીઓ કરે : મોદી

## પશુપાલકોને પ્રેરિત કરીને ગુજરાતે દુધ ઉત્પાદનમાં ૬૮ ટકાનો વધારો કર્યો છે : મુખ્યપ્રધાન મોદીએ કરેલો દાવો

અમદાવાદ,તા.૯

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતની દુધ સહકારી ઉદ્યોગની શાન એવી મહેસાણાની દુધસાગર ડેરીનાં જગુદળ સાગરદાણ ફેક્ટરી અને માનસિંહભાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડેરી એન્ડ ફુડ ટેકનોલોજીનું ઉદ્દઘાટન કરતા ગામે ગામ પર્યાવરણથી પશુપાલન માટે ગોબર બેંક અને એનિમલ હોસ્ટેલ બનાવવાનું નેતૃત્વ સહકારી ડેરી લે એવું આહવાન આપ્યું હતું. શ્વેતક્રાંતિના પ્રણેતા સ્વ. ડૉ. વર્ગિસ કુરિયનનાં આઘાતજનક અવસાન અંગે સમારંભ પુર્વ મૌન પાળી ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે પશુપાલન, દુધ ઉત્પાદન, દુધની મુલ્યવૃદ્ધિ અને સહકારિતા દ્વારા ભારતનું વિશ્વમાં નામ થાય તે માટે ડૉ. કુરિયને આજીવન છ દાયકા એક નિષ્ઠાથી મંથન કર્યું હતું. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કિસાનશક્તિનું અભિવાદન કરતાં મુખ્યમંત્રીએ માનસિંહભાઈએ સ્થાપેલી દુધ સાગર ડેરી આજે લાખો લાખો પશુપાલકો ખેડૂતો માટે સમૃદ્ધ વડલો બની ગઈ છે તેમ જણાવ્યું હતું. ભારતમાં દુધ ઉત્પાદન માટે પશુપાલનની ઉપક્ષા ગઈ છે. વિશ્વની તુલનામાં પશુ દીધ દુધ ઉત્પાદકતા ઓછી આવે છે તેના કારણે પશુપાલકની આર્થિક સ્થિતિ કમનશિબે સુધરતી નથી એમ જણાવી પશુપાલનમાં વૈજ્ઞાનિક પદ્ધતિ તરફ પશુપાલકોને પ્રેરિત કરીને દશ વર્ષમાં ગુજરાતે દુધ ઉત્પાદનમાં ૬૮ ટકાનો વધારો કર્યો છે અને હવે ગુજરાત સરકારે સૌરાષ્ટ્રમાં પશુદાણની ફેક્ટરી નહોતી, કિફાયત ભાવે પશુદાણ આહારોનો અભાવ હતો તેની સામે પશુદણ ફેક્ટરી સહકારી ક્ષેત્રોમાં સ્થાપવા માટે રૂપિયા ૩૦ કરોડની પ્રોત્સાહક યોજના કરી છે. દુધ ઉત્પાદનનાં ક્ષેત્રે ગુજરાતની વિરાટ સફલતાનો યશ માત્રને માત્ર પશુપાલક-કિસાન પરિવારની માતાઓ અને બહેનોને જ યશ મળે છે એમ જણાવી મુખ્યમંત્રીએ પશઉઓનું જતન કરવાની વાત્સલ્ય ભાવના ખેડૂતો પરિવારની માતૃશક્તિએ જ બનાવી છે તેમ જણાવ્યું હતું.



અમદાવાદમાં વરસાદી ઝાપટાનો દોર જારી રહ્યો હતો. ઘણી જગ્યાએ લોકોને મુશ્કેલી નડી હતી. જો કે વાતાવરણમાં ઠંડક ફેલાઈ ગઈ હતી.

# સોનીની એક દુકાનમાંથી ૧.૯ કરોડની ચોરી કરનાર ઝડપાયાં

## બે રીઢા ઘરફોડ ચોરોને ક્રાંઈમ બ્રાંચની ટીમે પકડી પાડ્યા : ૧૦થી વધુ ચોરીનાં ગુનામાં સામેલ

અમદાવાદ,તા.૯

નડિયાદમાં સોનીની દુકાનમાંથી ૧.૯ કરોડ રૂપિયાની ચોરી કરનાર બે રીઢા ઘરફોડ ચોરોને ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી પાડ્યા છે. સઘન પૂછપરછમાં તેઓ અત્યાર સુધી ૧૦ જેટલી ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ હોવાનું જાણવા મળ્યું હતું.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે, અમદાવાદ ક્રાઈમ બ્રાંચના પી.આઈ. એચ.એ.રાઠોડ અને સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતાં. દરમિયાનમાં ક્રાઈમ બ્રાચંની ટીમને બાતમી મળી હતી કે, નડિયાદ સહિત અનેક સ્થળોએ ઘરફોડ ચોરી કરનાર બે શખ્સો ગીતામંદિર એસ.ટી. સ્ટેન્ડથી પસાર થવાના છે.

બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે વિષ્ણુ ઉર્ફે રાજુ દલપતસિંહ સોઢા રહે. નડિયાદ અને અર્જુન રાયસંગભાઈ ચૌહાણ (ઉ.વ.૨૬, ગામ બોરીયાવી)આણંદને ઝડપી પાડ્યા હતાં. સઘન પૂછપરછમાં વિષ્ણુ ઉર્ફે રાજુ અત્યાર સુધી ચોરી, ઘરફોડ, લુંટ અને ધાડના ૩૧ જેટલાં ગુનાઓમાં પકડાયેલ અને અર્જુન વાહન ચોરી, ઘરફડો અન લૂંટના ૧૫ જેટલાં ગુનામાં પકડાયેલ હોવાનું જાણવા મળ્યું હતું.

જ્યારે વિષ્ણુ સોઢા હાલમાં નડિયાદ, પલાણા, ઉમરેઠ, વડોદરા, ઓસોજ, આંકવાલ તથા આણંદના ૧૦ ગુનામાં વોન્ટેડ હોવાનું પણ જાણવા મળ્યું હતું. આ બંને જણાં મોટાભાગે સોના-ચાંદીની દુકાનોને નિશાન બનાવતા હતાં, જેમાં નડિયાદ ખાતે સોના-ચાંદીની દુકાનમાંથી ૧ કરોડ ૯ લાખ ૯૦ હજારની ચોરી કર્યાની કબુલાત પણ કરી છે. ક્રાઈમબ્રાંચે તેમની સઘન પૂછપરછ હાથ ધરી છે.

# સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાનો પાટણ જિલ્લાની ચાણસ્મા વિધાનસભામાંથી થયેલ દબદબાભેર શુભારંભ

પાટણ, તા. ૯

ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા સ્વામી વિવેકાનંદે શિકાગો વિશ્વધર્મ પરિષદમાં કરેલા પ્રવચનના ૧૧ સપ્ટેમ્બરના દિગ્વિજય દિવસે રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઉત્તર ગુજરાતના પવિત્ર યાત્રાધામ બહુચરાજીથી પ્રસ્થાન થશે.

'સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા'નો પ્રારંભ તા. ૧૧ સપ્ટેમ્બરથી શરૂ કરીને ૧૧ ઓક્ટોબર જયપ્રકાશ નારાયણના જન્મ દિવસે સંપન્ન થશે. ગુજરાતની યુવા શક્તિના સામર્થ્યના યોગદાનને ભારતની શક્તિથી ભારતમાતાને શક્તિશાળી બનાવનારી આ યાત્રા પાટણ જિલ્લાના વિસ્તારમાં ઉપયાત્રા તરીકે શરૂ થયેલ છે જે ઉપયાત્રા તા. ૭ થી ૧૦ સપ્ટેમ્બર સુધી ચાણસ્મા વિધાનસભાના ચાણસ્મા, હારીજ અને સમી તાલુકાના વિવિધ ગામોમાં પરીભ્રમણ કરી તા. ૧૧મી સપ્ટેમ્બરના રોજ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની આવનાર યાત્રા સાથે જોડાઈ જાહેરસભાના સ્વરૂપમાં ફેરવાશે.

૯મી સપ્ટેમ્બરના રોજ શરૂ થયેલ ચાણસ્મા વિધાનસભાના ચાણસ્મા તાલુકાના ૧૮ અને સમી તાલુકાના ૧૭ ગામોમાં શરૂ થયેલ ઉપયાત્રામાં ઉત્તર ઝોન યાત્રાના ઈન્ચાર્જ કે.સી. પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર, જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવિણભાઈ ઠક્કર, રમેશભાઈ સિંઘવ, સ્નેહલભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ સહિત જિલ્લા તાલુકા ભાજપના કાર્યકર્તાઓની સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને આ ઉપયાત્રાનું ઠેર ઠેર ગામ લોકો દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવેલ. તા. ૧૧મી સપ્ટેમ્બરના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની યાત્રામાં આ ઉપયાત્રા સંયુક્ત રીતે જોડાશે. જેમાં ૧૧મીએ ચાણસ્મા શહેર નવી નગર પાલિકા કચેરી ખાતે બપોરે ૧૨.૦૦ કલાકે, તેમજ ચાણસ્મા તાલુકાના ધિણોજ-રેલવેપુરા અંબાજી ચોક ખાતે બપો ૧.૩૦ કલાકે મુખ્યમંત્રીની જાહેરસભા યોજાશે તો સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે તેમજ યુવા શક્તિના સામર્થ્યના યોગદાનને વણી લેતી આ યાત્રામાં સહભાગી થવા આપ સૌને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગુજરાતને ઘર બનાવે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ જગ્યાએ કંપની ૨૦૧૨માં કામગીરી શરૂ કરશે.

ઉદ્યોગ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ફોક્સ વેગન તેનો પ્રોજેક્ટ ઉભો કરે તે માટે સાનુકૂળ વાતાવરણ સર્જવામાં આવ્યું છે. ફોર્સ વેગન કંપની હાલ તો મહારાષ્ટ્રમાં તેનો ૭૦૦ કરોડનો પ્રોજેક્ટ નાંખી રહી છે.

આ કંપની ઉપરાંત નિશાન અને ટોયોટા માટે પણ પ્રોજેક્ટની ચર્ચા કરવામાં આવી છે. આ ત્રણેય કંપનીઓને સાણંદ અથવા વિરમગામ પાસે જમીન આપવામાં આવે તેવી સંભાવના છે.

## ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઇફેક્ટિવ એડ પ્રચાર કરી રહી છે. ગુજરાતમાં બેકારી, ગરીબી અને સરકારના ઉડાઉ ખર્ચાને કેન્દ્રસ્થાને રાખી ઉદ્યોગપતિઓની સરકાર છે તેવી છાપ સાથેના વિવિધ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે.

બીજી તરફ ભાજપે ગુજરાતના વિકાસ અને કેન્દ્રને નિશાન બનાવ્યું છે. છેલ્લા દસકામાં થયેલી રાજ્યની પ્રગતિને કેન્દ્રસ્થાને રાખી ભાજપની સરકારે કરેલા વિકાસના કામો અને યોજનાઓને ઉજાગર કરી છે.

## બેંક ડીપોઝીટ ઘટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ


જો કે જિલ્લામાં ડિપોઝીટમાં નોંધાયેલો ઘટાડો આગામી દિવસોમાં સરભર થઈ જશે તેવો વિશ્વાસ બેંકિંગ ક્ષેત્રના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં જે બેંકિંગ ક્ષેત્રે દરેક પરિવારને જોડવાના અભિયાનને સારો પ્રતિસાદ સાંપડ્યો હોવાનું જણાવતાં આ સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૨૦ હજારથી પણ વધુ નવા ખાતા ખોલવામાં આવ્યા છે.

જિલ્લામાં ખાનગી બેંકો દ્વારા ધિરાણ નીચુ જણાઈ રહ્યું છે જો કે રાષ્ટ્રીયકૃત બેંકો અને સહકારી બેંકો દ્વારા ખેડૂતોને આ ગાળામાં સારૂ ધિરાણ કરી અને જિલ્લાના કૃષિક્ષેત્રે પરિવર્તનનો નવો અભિગમ અપનાવ્યો છે.

જિલ્લામાં આ વર્ષે ૩૦ હજારથી પણ વધુ ખેડૂતો કિસાન કેડીટ કાર્ડ યોજના અંતર્ગત આવરી લેવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

## શબ્દાવલી - ૪૮૩૯



**આડી ચાવી**
૧. ઝાડના પાનનું તોરણ બંધાય (૫)
૫. કુવાવાળું ખેતર (૨)
૭. કાયદો, લૉ (૩)
૮. ... માં હૈ પૉલ (કહેવતમાં ઢોલ) (૪)
૧૧. વિધવા સ્ત્રીની આગળ... લખાય (૫)
૧૪. ઉપકાર, આભાર (૨)
૧૫. સરસમ મજાની, સારી સુંદર (૫)
૧૭. વેપારની વસ્તુનું એક દેશથી બીજે દેશ જવું તે (૨)
૧૮. કભી કભી મેરે દિલ મેં... આતા હૈ, વિચાર (૩)
૨૦. અઢળક (૪)
૨૧. અવદશા, પડતી (૩)
૨૨. પડદો, ઢાંકણ (૪)

**ઊભી ચાવી**
૧. આકાશમાં રાત્રે દેખાતો નિહારીકાનો વિશાળ પટ્ટો (૫)
૨. કંચન, કનક (૨)
૩. પત્તુ, પાંદડુ (૨)
૪. ડાંટ, વઢે તે (૨)
૫. કાપો, ચીરો (૨)
૬. શરીર, તન (૨)
૯. માતાજીનું મંદિર (૨)
૧૦. મદારી, વાદી (૩)
૧૨. રૂપાળું, ખુબસુરત (૫)
૧૩. પસ, રસી (૨)
૧૪. ખાંભીઓ, સ્મારક (૩)
૧૬. આ શબ્દના પ્રથમ અક્ષર ઉપર મીંડુ મુકે તો પક્ષીનું ઉડવાનું અંગ થાય (૨)
૧૭. દાન, દક્ષિણા (૩)
૧૯. એક કંદ (૩)
૨૦. ખોટું કામ કરીએ તો... લાગે તેવી ધાર્મિક બીક (૨)

### શબ્દાવલી ૪૮૩૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરાજીત (૪) લેઝીમ (૬) કસમ (૭) કંબલ (૮) ખારેક (૧૦) રદ (૧૪) તમાશા (૧૬) માવતર (૧૮) બાવળ (૧૯) રસાયણ (૨૦) વડી (૨૧) ગન (૨૨) વિનિયોગ

**ઊભી ચાવી :-** (૧) પકવાન (૨) રાસ (૩) જીમખાનું (૪) લેબ (૫) ઝીલ (૭) કંકર (૯) ટંકશાળ (૧૧) દતબાવની (૧૨) અવસાન (૧૩) ચારણ (મા) (૧૫) માવડીયો (૧૬) મારગ (૧૭) તય





ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ